સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મધ્યમો ઓરમાન ને, ઉદ્યોગો સગા ભાઈ થશે!
ખોવાઈ જશે દીન, અદાણી-અંબાણી છવાઈ જશે!
ગાઈ જશે ગાણાં, ખાઈ જશે નાણાં, બેન્કોને રડાવી -
વ્યાજ ઘટ્યું, આમ ને આમ, એ મુદ્દલ ખાઈ જશે!

હાઈકુ

'સત્તા લાલસા'
સદા નજર એની -
પારકે ભાણે!
(ઉત્તરાખંડ માં દાવો)

આવે છે કામ!
વખારે નાખ્યો એજ -
લ્યો! જુનો માલ..
(રૂપાલા-ઝડફિયા ને 'મંચ')

ચિંતન

ખલાનાં કંટકાના દ્વિ વિધૈવ પ્રતિક્રિયા ।
ઉપાનન્મુખ ભંગો વા દૂરતો વા વિસર્જનમ્ ॥

અહીં કાંટા અને દુર્જનથી બચવા-સુરક્ષિત રહેવાના બે ઉપાય દર્શાવવામાં આવ્યા છે :

કાં તો જોડાની મારથી એનું મોઢું જ ભાંગી નાંખવું અથવા અને ઉપાડીને દૂર નાખી દેવા કે એને દૂરથી જ નમસ્કાર કરવા જોઈએ. દુર્જનની નજીક જવું જ ન જોઈએ.

જો આપણામાં શક્તિ-ત્રેવડ હોય તો દુર્જનનો (કાંટાની જેમ) બળપ્રયોગ દ્વારા નાશ જ કરી નાખવો. અથવા આપણું ધ્યાન જાય - આ દુર્જન છે કાંટાની જેમ પીડા આપી શકે તેવો છે તો તેનાથી દૂર જ રહેવું. સંબંધ રાખવા જ નહીં - કે કાપી નાખવા જોઈએ.

સુવિચાર

- સાધના વગર કોઈ કામ સિદ્ધ થતું નથી અને શિસ્ત વગર કોઈ સાધના સિદ્ધ થતી નથી, શિસ્ત જાય એટલે શિકસ્ત થાય - **જનકલ્યાણ**
- ઈતિહાસ ગવાહ છે કે, માણસ સમયનું પોત ફાડીને સફળ થયો છે ભીંત ઉપર ઉગેલા પીપળાની જેમ માણસ સમયને ફાડીને જીવ્યો છે અને જીત્યો છે - **કૃષ્ણકાન્ત ઉનડકર**
- આપણી અંદર સમાયેલી દૈવી વિભૂતિઓને જાગૃત કરવાનું કામ સાધના કરે છે - **બોધિવૃક્ષ**
- સંસારમાં જીવમાત્રના સાચા સખા કે મિત્ર જો કોઈ હોય તો તે પરમાત્મા જ છે - **નવનિત**
- શાંતિ મેળવવા માટેનું પ્રથમ સાધન એ જ છે કે આપણે સ્વયંને પ્રતિકુળ પરિસ્થિતિમાં વિચલિત ન થવા દઈએ - **સંત રોબિન**
- કોઈ પણ નિરાશા જીવન કરતાં કયારેય વધારે મોટી નથી - **રઈશ મણીયાર**
- આજનું ઔષધ : બાળક રાત્રે પથારીમાં પેશાબ કરતું હોય તેને સૂતી વખતે ૧૦ ગ્રામ તલ ખવડાવી શકાય.

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ચૂંટણીઓ ફંડ ઉઘરાવી, ઉદ્યોગપતિઓને આપેલા વચન પ્રમાણે બજેટ બનાવવાં કે આર્થિક સમતૂલા સાચવવા મધ્યમવર્ગો ને નિશાન બનાવી કર ભારણ નાખે 'બચત' ના વ્યાજ ઘટાડે જેવી કૂટનીતિ આ સરકાર અપનાવે છે. એક વાર એક રાજા પ્રજાના ગરીબ અને મધ્યમ વર્ગોનું ખૂબ જ શોષણ કરતો હતો. મોંઘવારીમાં પ્રજા તૂટી જતી હતી. કેટલાય લોકો દેશ છોડી જતા રહ્યા હતા.

ગામમાં સંત આવ્યા. પ્રજાએ પોતાના દુઃખો અને રાજાની શોષણવૃત્તિ વાત કરી. સંત રાજા પાસે ગયા. અને કહ્યું, મહારાજ! હવે મારો અંતિમ સમય આવી ગયો છે. આજ સુધી મેં ખૂપ 'તપ' કર્યા અને તપસ્વી જીવન જીવ્યો છું. હવે પરલોકમાં મારે વૈભવી જીવન જીવવું છે તો જો આપ થોડી 'સંપત્તિ' મને આપો, તો પરલોકમાં સુખ શાંતિથી જીવી શકું.

રાજા ખડખડાટ હસ્યા, કહ્યું, મહારાજ, મૃત્યુ પછી તો ખાલી હાથે જ જવાનું હોય એટલી ય તમને ખબર નથી? સંત કહે, તમે તો સમજો છો છતાં આ ધનનાં ભંડાર કોને માટે ભરો છો? પ્રજા ભૂખ મરે છે એ તેમને દેખાતું નથી?! રાજાને જ્ઞાન થયું. પ્રજા માટે ભંડાર ખૂલ્લા મૂક્યા.

પરીક્ષાલક્ષી શિક્ષણનો બદલાવ અનિવાર્ય છે

તંત્રીસ્થાનેથી...

અમદાવાદના એક વિદ્યાર્થીએ ધો.૧૦ માં ધારણા મુજબના ટકા નહિ આવવાની શકયતાના પગલે નદીમાં પડીને આપઘાત કર્યો. આ અખબારી અહેવાલ માત્ર ચર્ચામાં રહે એટલું જ જરુરી નથી. એની ચિંતા પણ થવી જોઈએ. માર્ચ-એપ્રિલ અને મે આ ત્રણ મહિનામાં ઘણા બધા વિદ્યાર્થીઓ નાસીપાસ થાય. કેટલાક આત્મહત્યાનો પ્રયાસ કરે છે, તો કેટલાક પર માનસિક અસરો ઊભી થાય છે. આ સામાજિક ચિંતાનો વિષય છે. સ્પર્ધાના સમયમાં ટકા મેળવવાની હોડમાં અપેક્ષા કરતા ઓછા પરિણામથી આવા અપમૃત્યુના બનાવો બને છે. સમગ્ર વ્યવસ્થાના મૂળમાં ખામી છે. પરીક્ષાલક્ષી શિક્ષણ વ્યવસ્થા આ પ્રકારના પરિણામો સર્જે છે. વાલીઓ અને શાસન ઉપરાંત શિક્ષણ સંસ્થાઓની ગોળમેજી પરિષદ યોજવી જોઈએ અને જેમાં નવેસરથી સમગ્ર વ્યવસ્થાનું પુનઃ ગઠન કરવું જોઈએ.

ગાંધીજીએ કેળવીની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે, 'કેળવે તે કેળવણી', 'જીવનનું ઘડતર કરે તે જ શિક્ષણ.' સ્વામી વિવેકાનંદે પણ શિક્ષણ અંગે પોતાના વિચારોમાં સ્પષ્ટ લખ્યું છે કે 'આંતરિક શક્તિને કાર્યમાં રૂપાંતર કરવાની આવડત એનું નામ શિક્ષણ.' માનવજાતમાં છુપાયેલી આંતરિક શક્તિ બહાર લાવવાની પ્રક્રિયા શિક્ષણના મૂળભૂત તત્ત્વમાં છે. પરંતુ કોણ જાણે કેમ કારકુનો પેદા કરવા માટે ઘડાયેલી શિક્ષણ નીતિમાં આજ સુધી આમૂલ પરિવર્તન થતું જ નથી. હા, થાગડથીગડ થાય છે. ફાટે ત્યાં થીગડા મરાય છે. પરંતુ એ પરિણામલક્ષી નથી. જો રાજકીય ઈચ્છાશક્તિ મજબૂત બને તો જ શિક્ષણમાં આમૂલ પરિવર્તન શક્ય છે. અને તો જ આવતીકાલ ઉજ્જવળ બની શકે એમ છે.

શિક્ષણનીતિને પરીક્ષાના ટાંચામાંથી બહાર કાઢવી પડશે. માત્ર પ્રવચનો અને પરિસંવાદોમાં શિક્ષણનીતિનું ઇતિશ્રી નથી. સમગ્ર વ્યવસ્થા બદલવાની આવશ્યકતા છે. ચાર દિવાલોના ઓરડામાં અપાતું શિક્ષણ એ સાચા અર્થમાં શિક્ષણ જ નથી. માત્ર અને માત્ર માહિતી જ છે. માહિતીને શિક્ષણમાં રૂપાંતરિત કરવા વિવિધ ક્ષેત્રોમાં પ્રત્યક્ષ અનુભૂતિ કરાવી શિક્ષિત કરવાની આવશ્યકતા છે. પ્રત્યક્ષ તાલીમ અને દૃશ્ય શ્રાવ્યથી મેળવેલી હકીકતો શિક્ષણ પ્રક્રિયાની મહત્ત્વની પરીપાટી છે. આજનું શિક્ષણ માત્રને માત્ર પુસ્તકીયું શિક્ષણ છે. આ વ્યવસ્થા બદલવા શાસન-સમાજ અને શિક્ષણ સંસ્થાઓ સાથે મળીને નિર્ણય કરે તો સમાજનો ચહેરો બદલી શકે છે. જ્યાં સુધી પરીક્ષાલક્ષી શિક્ષણ હશે ત્યાં સુધી મેરીટની માથાફોડ રહેવાની જ. અને મેરીટ મેળવવા ધમપછાડા કરતા વિદ્યાર્થીઓમાં અપેક્ષા ફળીકૂત ન થતા નિરાશા હતાશામાં ગરકાવ થતાં વિદ્યાર્થીઓ આત્મહત્યાના પ્રયાસો કરે છે. આપણે પુનઃ વિચારવું પડશે - જીવનના મૂલ્ય અંગે, શિક્ષણના મૂલ્ય અંગે. શિક્ષણના માધ્યમથી જીવન ઘડતરની પ્રક્રિયાને મજબૂત બનાવવાની અનિવાર્યતા ઊભી થઈ છે. વિદ્યાર્થી આલમ પણ ખેલદિલીપૂર્વક સ્પર્ધાત્મક માહોલમાં જીતવાનો આત્મવિશ્વાસ પ્રગટાવે. આત્મહત્યાના ગાંડપણ વિદ્યાર્થીને શોભે નહિ. ચિંતા કોઈક વ્યક્તિની, કોઈક પરિવારની, કોઈ એક ક્ષેત્રની નથી, સમગ્ર સમાજની આ ચિંતા છે અને ચિંતામાંથી આવતીકાલનો પથ નિર્મિત કરવાનો છે.

રાજ વિનાના મહારાજ : પરિવ્રાજક ઋષિ : રવિશંકર મહારાજ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૧૯૪૪માં બનેલી આ વાસ્તવિક ઘટનાની વાત ફરી ફરી સાંભળવી ગમે તેવી છે. ગાંધીજીનો એક સંદેશ રવિશંકર મહારાજને મળે છે : "જ્યાં હો ત્યાંથી અહીં (સેવાગ્રામ આશ્રમ - મહારાષ્ટ્ર) આવી જાઓ" બાપુના સંદેશાનો તો અમલ જ કરવાનો હોય. મહારાજ સેવાગ્રામમાં હાજર થાય છે. બાપુની સૂચના મહારાજને મળે છે : "આભા - કનુના લગ્ન તમારેજ કરાવવાના છે. કરાવશોને ?" (કનુ ગાંધી - ગાંધીજીના ભત્રીજા અને જાણીતા ફોટોગ્રાફર) મહારાજ ત્વરિત ઉત્તર આપતા કહે છે : "એમાં પૂછવાનું શું હોય ? આપની ઈચ્છા તો મારે શિરોધાર્ય જ હોય !" હવે બાપુ બીજી સૂચના ફરમાવે છે. બાપુ મહારાજને કહે છે કે તેમણે આ લગ્નવિધિ કરાવવી તથા તે વિધિ કાકાસાહેબે લખેલી પુસ્તિકા અનુસાર કરાવવી. કાકાસાહેબની લગ્નવિધિ અંગેની પુસ્તિકા બાપુએ મહારાજને આપી. ફરી એક સૂચના આપતાં બાપુ કહે છે કે આ લગ્નવિધિ ૩૦ મિનિટમાં પૂરી કરવાની રહેશે. દાદાએ ઝડપભેર પુસ્તિકાના પાના ફેરવ્યા. પુસ્તિકા જોયા પછી મહારાજ બાપુને કહે છે કે કાકાસાહેબે પુસ્તિકામાં દર્શાવેલી વિધિ તેમનામાટેતો નવી છે. આ વિધિ ૩૦ મિનિટમાં કેમ પતશે ? ઉપરાંત ઉતાવળ કરવામાં ભૂલ થવાના સંભવ તરફ પણ મહારાજે ધ્યાન દોર્યું. બાપુ હાજર જવાબી છે. કહે છે કે ભૂલ થશે તો પણ હું ભૂલ નહિ કાઢું ! પછી આ પ્રશ્નનો ઉકેલ થાય તે માટે મહારાજને સૂચવે છે કે આ પુસ્તિકા ત્રણ - ચાર વખત વાંચી જવી. ત્યારબાદ વરઘોડીયા (આભાબેન તથા કનુભાઈ)ને બોલાવી તેમની સામે આ પુસ્તિકા વાંચીને તેનો અર્થ તેમને બરાબર સમજાવવો. બન્નેને લગ્નવિધિથી માહિતગાર કરવા. આમ કરવાથી સમય બચશે તેમ બાપુએ મહારાજને સમજાવ્યું. બધું સમજાવ્યા બાદ દરેક મિનિટનો હિસાબ રાખનાર આ મહાત્માએ ફરમાન કર્યું : "વિધિ ૩૦ મિનિટમાંજ પૂરી કરવાની છે." મહારાજનો જવાબ : "જેવી આપની ઈચ્છા." હવે લગ્નના સમયને માત્ર એક દિવસની વાર છે ! મહારાજે બાપુની ઈચ્છા અનુસારની તૈયારી અક્ષરસઃ કરી.



આ પ્રસંગની વાત લખતા આભાબહેન કહે છે કે મહારાજે તે બન્નેને (ભાવિ દંપતિને) બોલાવી દરેકે દરેક શ્લોકની તથા લગ્નવિધિની સંપૂર્ણ જાણકારી આપી. સ્વભાવ પ્રમાણે બાપુએ સાંજે ખરાઈ પણ કરી કે તેમની સૂચનાનો અમલ કેટલો તથા કેવો થયો છે. બીજા દિવસે લગ્નવિધિ સમયસર શરૂ થઈ. લગ્નવિધિ મહારાજે બરાબર ૨૯ મિનિટમાં પૂરી કરાવી. કોઈપણ પ્રકારની ઉતાવળ પણ મહારાજે કરાવી ન હતી. બાપુ પૂરો સમય વિધિમાં હાજર હતા. માત્ર બાપુનેજ નહિ પરંતુ લગ્નવિધિમાં હાજર રહેનારા સરોજિની નાયડુ, રાજાજી, ડૉ. ઝાકીર હુસેન, ઠક્કરબાપા તેમજ ઘનશ્યામદાસ બિરલા જેવા મહાનુભાવોને પણ મહારાજની સ્વસ્થતા - એકાગ્રતા તથા કાર્યદક્ષતાએ ચકિત કરી દીધા હતા. બાપુએ આવા અનેક કાર્યો જોઈને પોતાના આ એકનિષ્ઠ સાથી રવિશંકર મહારાજને બિરદાવતાં યાદગાર શબ્દોમાં કહ્યું : "મહારાજની આ જ ખૂબી છે. તેમને જે કામ સોંપો તેમાં તે પોતાનો આત્મા રેડી દે છે. મહારાજનું કરેલું દરેક કામ તેથીજ ઝળકી ઊઠે છે." બાપુનું આવું ઉત્તમ પ્રમાણપત્ર કાર્યનિષ્ઠાના બળે મેળનાર રવિશંકર મહારાજનું પવિત્ર સ્મરણ ભોળા શિવજીની પૂજા - અર્ચનાના તહેવાર શિવરાત્રીના પ્રસંગે વિશેષ થાય છે. મહારાજનો જન્મ શિવરાત્રીના દિવસે માતર તાલુકાના રઢુ ગામે તા. ૨૫/૦૨/૧૮૮૪ ના રોજ તેમના મોસાળમાં થયો હતો. માતા તરફથી નીરોગી શરીર રહે તેવી જીવનશૈલી તથા લાંબા અંતર સુધી ચાલવાની આદતની ભેટ પિતા તરફથી વારસામાં મળી હતી. રાજ વિનાના આ મહારાજની ઘસાઈને ઊજળા થવાની જીવનપધ્ધિત આજે પણ આશ્ચર્ય તથા અહોભાવ ઉપજાવે તેવી છે. ૧૯૫૯ માં મહારાજને ૭૫ વર્ષ પૂરાં થયા ત્યારે કવિ ઉમાશંકરે શ્રેષ્ઠ શબ્દગુચ્છથી મહારાજને વધાવ્યા.

ન માનુષાત શ્રેષ્ઠતરં હિ કિંચિત
મનુષ્યથી ના અદકું કંઈજ
મનુષ્યમાંયે શિર જેનું ઉર્ધ્વ,
મૂર્ધન્ય તે.

માનવી એ કુદરતનું અદભુત છતાં જટિલ સર્જન છે. સમાજ તરીકે આપણે સામાન્ય

અનુસંધાન પાના નં. ૭ પર

આપણે એકબીજાને વાપરીએ છીએ...

ચાલો આપણે ભેગા મળીને
એટલું તો કબૂલ કરીએ
કે આપણે બધાં
એકમેકના સુખ-સગવડ માટે
એકમેકને વાપરીએ છીએ
એકમેકનો ઉપયોગ કરીએ છીએ
દેખાવ કરીએ છીએ
એકમેકનો પોષણ કરતા
હોઈએ તેનો, પણ અંતે તો
એકમેકનું શોષણ થતું હોય છે.
આમ તો બધા જ એકમેકની સાથેસાથે દેખાય છે.
પણ જરાક ઊંડા ઊતરીએ તો ખબર પડે
કે જે સાથે સાતે છે
તે સામ-સામે પણ છે.
બહારથી બધા જ સંબંધો
મુલાયમ અને રેશમી લાગે છે
પણ અંદરથી લગભગ બધા જ સંબંધો
ખરબચડા અને કંતાન જેવા લાગે છે.
આમ તો બધું જ જાણીએ છીએ છતાં,
આ બાબતમાં આપણે પૂરેપૂરા દંભી-શૂરા છીએ
અને એટલે જ કહું છું કે ચાલો,
આપણે દંભના વાઘા ઉતારીને
એટલું તો કબૂલ કરીએ કે
આપણે બધા એકમેકને વાપરીએ છીએ...
એકમેકનો ઉપયોગસ કરીએ છીએ...

- સુ.દ.

જીવનનો ચોક્કસ કોઈ સિલેબલ હોતો નથી. જીવન આપણા અનુભવ અને અનુભૂતિની પ્રયોગશાળા છે. જીવનમાંથી શીખવાનું નથી પરંતુ પામવાનું છે.

આપણે બધા રાગ-દ્વેષથી, કકળાટથી, અહમ્‌થી અને સ્પર્ધાના ભાવથી જીવીએ છીએ. દરેકને કંઈક બનવું છે, થવું છે અને મોટા ભાગનો સમય આ 'થવાની', 'બનવાની' મથામણનો હોય છે...

પ્રગતિ હંમેશા આવકારદાયક હોય છે, પરંતુ મુશ્કેલી ત્યારે આવે છે, જયારે વ્યક્તિ કંઈક 'બનવા' માટે કોઈકને 'બનાવવા'ના પેંતરા રચતો થઈ જાય છે.

આપણા આજકાલના રીલેશન્સ ગરજાઉ થઈ ગયા છે, કોણ ક્યાં કેટલું કામ લાગશે તે પ્રમાણે સંબંધ રાખવાના... અમસ્તા અમસ્તા તો કોઈને ત્યાં જવામાં આપણી ડિગ્નીટી નથી સચવાતી...

ઑફિસના સહકર્મી સાથે ઊભે બનતું ન હોવા છતાં... સવારે જયારે ફેસબુક પેજ પર ફ્રેન્ડ્સ લીસ્ટમાં હોવાના કારણે તે વ્યક્તિના જન્મદિવસનું રીમાઈન્ડર આવે તો તેની ટાઈમલાઈન પર તરત મુબારકબાદી પાઠવીને શિષ્ટાચાર પાઠવી લઈએ છીએ...

ખરેખર ત્યારે વિચાર આવે કે ભણેલા અને અભણ વચ્ચે સૌથી મોટો તફાવત આ જ છે કે અભણ એકબીજાને નામથી બોલાવે અને ભણેલા એકબીજાને કામથી બોલાવે.

ઉપર ઉપરથી એમ લાગતું હોય કે ઘણો ઘનિષ્ઠ સંબંધ છે પરંતુ જરાક ઊંડા ઊતરો તો છીછરા મળે છે...

આપણે મટીરીયાલીસ્ટીક થઈ ગયા છીએ... પંખો, ઈસ્ત્રી, ટી.વી. લેતી વખતે વૉરંટી કાર્ડ લઈએ છીએ તેમ સંબંધોમાં પણ વૉરંટી પિરીયડ માગીએ છીએ... પાછું મેઈન્ટેનન્સ જરા પણ નહીં કરાવવાનું!

કોઈ પણ વસ્તુને જો તમે સર્વિસ કરાવતા રહો તો તે વસ્તુ જળવાય... પરંતુ 'લૅટ ગો' રુપી સર્વિસ આપણે કરાવતા નથી...

જનમ જનમના વેર અને તુટેલા સંબંધો પણ સુધરી જાય બસ

> **આપણા આજકાલના રીલેશન્સ ગરજાઉ થઈ ગયા છે, કોણ ક્યાં કેટલું કામ લાગશે તે પ્રમાણે સંબંધ રાખવાના... અમસ્તા અમસ્તા તો કોઈને ત્યાં જવામાં આપણી ડિગ્નીટી નથી સચવાતી...**

સામેવાળાને તમારું કામ પડવું જોઈએ...

રાજકારણમાં, સિનેજગતમાં, ક્રિકેટમાં કે આવી કોઈ સામાજિક સંસ્થાઓમાં લોકો એકબીજાનો ઉપયોગ કરતા હોય છે, તેવું તો સાંભળવા મળે રાખે છે, પરંતુ હવે તો ઘરમાં લોહીના સંબંધોમાં પણ ઉપયોગ કરીને વાપર્યા બાદ સંબંધને શેરડીના ચૂસાયેલા છોડવાની જેમ ફેંકી દેવામાં આવે છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

સંવેદનાઓ પરના પ્રહારો વેઠી લેવા એ આજના સમજૂ માણસની મજબૂરી છે, અથવા તો એમ કહો કે આજકાલ સમજૂ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે કે ચુપચાપ તમાશો સહન કરવાનો અને જોયે રાખવાનો તેમા ભાગ લેવો હોય તો ચૂપચાપ મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ હરફ પણ નીકાળશે તો પહેલો પથ્થર તમને વાગશે.

આપણે જેમ જેમ બહારથી સંસ્કૃત થતા ગયા તેમ અંદરથી વિકૃત થતા ગયા છીએ.

નાનપણમાં વિજ્ઞાનની ચોપડીમાં ભણતા હતા કે નાના જાનવરને મોટા જાનવર ખાય... કીટ, ઈયળ ને પક્ષી ખાય પક્ષીનો શિકાર બિલાડી કૂતરા વગેરે કરે, શિયાળ જરખ વગેરે વળી તે બિલાડીને ખાય... આ ચક્ર, આજે મનુષ્ય જગતમાં પણ વ્યાપ્ત થયેલું જોવા મળે છે... ઘરમાં બે ભાઈઓમાંથી બળુકો અને જબરો વધુ લાભ ભોગવે... ધંધામાં એકબીજાનો ભોગ લઈ લેવા મારા-કાપી સુધી વાત પહોંચી જાય...

પરંતુ આ બધું અંદર રમતું હોય છે, ઉપયોગમાં આવતી વસ્તુનું મૂલ્ય છે, માણસનું મૂલ્ય છે. ભરપૂર ઉપયોગ થઈ ગયા પછી, વાપરી લીધા પછી સંબંધના નામે - મીઠું જ રહે છે.

આમ માણસ એટલો ઊંડો કે
ડૂબો તો પણ ના મળે
ને જરાક અપેક્ષા રાખો
તો તરત જ એનું 'તળીયું' મળે...

- jayuoza@gmail.com
Mo. 9898046488

ભીંજાવાનું ને ભીંજવવાનું, રંગાવાનું ને રંગવાનું, ચીતરાવાનું ને ચીતરી નાખવાનું મનભાવન પર્વ છે ધૂળેટી...

"અરે, હું અહીં આમ સાવ કોરો-ધાકોર ઊભો છું ને તું આમ આકાશમાં ગુલાલ ઊડાડ્યા કરે છે?" નીલે એની બેસ્ટ ફ્રેન્ડ નીલાને પુછ્યું.

વરસોથી અમદાવાદમાં રહેતા નીલના પપ્પાને પોતાનો સ્વતંત્ર વ્યવસાય હતો. આર્થિક રીતે સમૃદ્ધ પરિવારોમાં ગણના થાય એવી એમની શાખ હતી. મહેનત કરીને, કોઠાસૂઝથી આગળ આવ્યા હતા. એમની પત્ની પણ આદર્શ ગૃહિણી હોવા ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓમાં જોડાયેલી હતી અને પોતે પણ સ્વતંત્ર રીતે પ્રતિષ્ઠિત એનજીઓ ચલાવતી હતી. નીલ અભ્યાસમાં ખુબ સારી કારકિર્દી ધરાવતો હતો અને રાજયની પ્રતિષ્ઠિત એન્જીનીયરીંગ કૉલેજમાંથી માસ્ટર્સ ડીગ્રી મેળવીને પાસઆઉટ થયા પછી પોતાના જ શહેરમાં એક મલ્ટીનેશનલ કંપનીમાં કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે જોડાયો હતો. સ્વભાવે શાંત-ધીરજ ધારણ કરનાર નીલ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ એટલો જ રસ ધરાવતો હતો. એની નાની બહેન હતી જે એની ઉત્તમ બહેનપણી પણ હતી અને એન્જીનીયરીંગ કૉલેજમાં અભ્યાસ કરતી હતી. પરિવારના તમામ સભ્યો વીક એન્ડમાં સાથે રહીને અને પોતપોતાના ગ્રૂપમાં જઈને ધમાલ-મસ્તી કરવા અને ઉત્સવો ઉજવવા ટેવાયેલા હતા. બહોલું મિત્રવર્તુળ હોઈને કોઈને કોઈ બહાને સહુ ભેગા થતા અને મોજથી જીવતા હતા.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

નીલાના પિતા રાજય સરકારમાં ઉચ્ચ અધિકારી હતા. નિષ્ઠાવાન અને પ્રમાણિક અધિકારી તરીકેની એમની સારી ઈમેજ હતી. ખુબ સારો સ્વભાવ અને પબ્લીક ફીગર હોવાના કારણે એમનું મિત્ર વર્તુળ પણ મોટું હતું. એના મમ્મી શિક્ષિકા હતા અને શહેરની પ્રતિષ્ઠિત શાળામાં વર્ષોથી જોડાયેલા હતા. નીલાને નૃત્ય અને ફોટોગ્રાફીમાં વિશેષ રસ હતો. આ ઉપરાંત તે ખુબ સારી વાચક પણ હતી. આઈ.ટી.ક્ષેત્રે કારકિર્દી ઘડનારી નીલાની એક બહેન હતી જે ધોરણ ૧૦મા અભ્યાસ કરતી હતી.

આ બંને પરિવારોનો મેળાપ થયો. થોડા વર્ષો પહેલા જયારે કૉલેજના પ્રથમ દિવસ અમદાવાદથી ૩૦-૪૦ કિલોમીટર દુરના ગામે આવેલી કૉલેજમાં બંનેના સંતાનોની કૉલેજ કાર્યવાહી સંદર્ભે બંને પરિવારો ગયા હતા. પ્રાથમિક પરિચય થયા બાહ સહુ વાતોએ વળગ્યા હતા. નવરંગપુરા વિસ્તારમાં નજીક-નજીક બંનેના ઘર હતા એટલે નિકટતા જલ્દી કેળવાઈ. એવામાં કોઈ ફોન આવતા નીલાના પપ્પાને તાત્કાલિક અમદાવાદ આવવાનું થયું. નીલના પિતાએ કહ્યું, 'તમે અમદાવાદ નીકળો, તમારી દીકરી અને એની મમ્મીને અમે અમારી કારમાં લેતા આવીશું. ચિંતા કરતા નહિ.' બસ ત્યારથી આરંભાયેલા પારિવારિક સંબંધો ત્રણ-ચાર વર્ષે એટલા નિકટના થયા હતા કે લગભગ તમામ પ્રસંગો-ઉત્સવોમાં બંને પરિવારો અને વિશેષરુપે નીલા-નીલ સાથે જ હોય.

નીલ અને નીલાને એક જ કૉલેજમાં ભણવાનું હતું. આઈ.ટી. અને કોમ્પ્યુટર જેવા કોમન સબ્જેક્ટ હતા.રોજ ૪૦ કિલોમીટર બસનો પ્રવાસ હતો એટલે પારિવારિક સંસ્કાર અને વિવેકને સાચવતા સાચવતા એમની ફ્રેન્ડશીપ કયારે પ્રેમમાં પરિવર્તિત થઈ ગઈ એની એ બંનેને પણ ખબર ના રહી. બંને પરિવારના સભ્યો અને મિત્રો પણ આ બંનેને ભાવિ જીવન-

સાથી તરીકે જ જોતા હતા, રાજી હતા.

હોળી-ધૂળેટીનું રંગ પર્વ આવી પહોંચ્યું, દર વર્ષની જેમ નીલાના ઘરે મોટા પાયે ધૂળેટી પર્વનું આયોજન હતું. અબીલ - ગુલાલ, વિવિધ રંગો, પીચકારીઓ, પાણીના ફુગ્ગા, મ્યુઝીક ને ભોજનનું આયોજન હતું. ધીમે-ધીમે બધા આવવા માંડ્યા હતા. સહુ ઉત્સવ શરુ કરવાની તૈયારીમાં હતા. નીલ અને તેની બહેન પણ આવ્યા. નીલા જયાં ધૂળેટી રમવાની હતી તે બગીચામાં હતી. શ્વેત વસ્ત્રોમાં સજ્જ નીલા નીલ સામે હસી અને એણે મૂઠ્ઠીઓ ભરીને ગુલાલ હવામાં ઊડાડ્યો - નીચે ઊભી રહી ગઈ, એ ગુલાલથી રંગાઈ ગઈ પણ સામે નીલ પર હજી એણે રંગ ઊડાડ્યો ન હતો. એટલે નીલે લેખના આરંભે લખાયેલો પ્રશ્ન એને પુછ્યો, જવાબમાં મુઠ્ઠીઓ ભરીને નીલ ઉપર ગુલાલ ઉડાડી એને શુભકામના પાઠવીને મસ્તીસભર મૂડથી કહ્યું, 'દોસ્ત, કોઈને રંગવા પહેલા ખુદ રંગાવું પડે છે, સમજ્યા.' અને હોલી હે ભાઈ હોલી હે ના અવાજ સાથે બંને ધૂળેટીના રંગ પર્વમાં રંગોથી રંગાઈ ગયા. રંગ પર્વ - પ્રેમ પર્વ બની રહ્યું

ફાગણ ફોરમતો આવે અને રસિક જનોના હૈયામાં ગુલાલની છોળો ઊડે. કામણગારા કેસુડાનો રંગ સમગ્ર વાતાવરણને રંગોત્સવમાં રંગી નાખે. મેટ્રો સીટીની ૩૧ ડિસેમ્બરની પાર્ટીથી વધુ મજા ફાગણની ધૂળેટીમાં છે એ તો અનુભવ કરો તો જ સમજાય. ઉન્માદ-ઉલ્લાસ-આનંદનું પર્વ છે ધૂળેટી.

ભીંજાવાનું ને ભીંજવવાનું, રંગાવાનું ને રંગવાનું, ચીતરાવાનું ને ચીતરી નાખવાનું મનભાવન પર્વ છે ધૂળેટી.

મસ્તી-સંગીત-નૃત્ય-ઉલ્લાસ-પ્રકાશ-ધમાલ ને પ્રેમનો ઉત્સવ છે ધૂળેટી. આંખોના ઈશારે પ્રેમ અભિવ્યક્ત થાય છે ને હૈયે હૈયા ભીંજાય છે.

જે વ્યક્તિની અંદર આનંદના ઘોડાપુર ઉમટ્યા હોય તે જ આ રંગોત્સવને માળી શકે. પોતે રંગાયા હોય એ જ બીજાને રંગી શકે, પોતાના હૈયામાં પ્રેમ પ્રગટ્યો હોય તે જ બીજાના સુધી પ્રેમનો સંદેશો પહોંચાડી શકે. આવા રંગોત્સવના રંગો જયારે વાતાવરણમાં અને હૈયામાં છવાય ત્યારે એ રંગોત્સવના પર્વના રંગો આસપાસ છવાય છે અને રંગપર્વ ઉજાસનું - ઉલ્લાસનું પર્વ બની જાય છે ને આસપાસ અજવાળા રેલાય છે.

તેજપુંજ :

ફાગણનો ફાગ અને ટહૂકાનો સાદ,
પછી મલક્યા વિના તે કેમ રહીએ?
કામણ કીધા અહીં કેસુડે એવા,
કે મહેક્યા વિના તે કેમ રહીએ.

- મેઘબિંદુ